ગાંધીનગર સમાચાર
તા. ૮-૮-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

ઈંટનો જવાબ પથ્થરથી આપવો જોઈએ

પુંછ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરીને બિહાર રેજિમેન્ટના ચાર અને મરાઠા રેજિમેન્ટના એક એમ કુલ પાંચ સૈનિકોને શહીદ કરનાર પાક આર્મીનું કૃત્ય કેવળ વખોડવા પાત્ર નથી: ઈંટનો જવાબ પથ્થરથી નહીં અપાય ત્યાં સુધી નાપાક ઈરાદાઓ ધરાવતા પાકિસ્તાનની બદમાશી અટકવાની નથી. આટલી સાદી વાત ભારતના વડાપ્રધાન કે સંરક્ષણમંત્રીને ન સમજાતી હોય તો એથી મોટી કમનસીબી બીજી કઈ હોઈ શકે? પાકિસ્તાનનો જન્મ જ હિંદુસ્તાન પ્રત્યેની નફરતમાંથી થયો છે અને અત્યાર સુધી સહઅસ્તિત્વની કે સારા પાડોશી બની રહેવાની ડિપ્લોમેટિક વિવેકવાળી સુફિયાણી વાતો કર્યા છતાં પાક આર્મીએ ક્યારેય આ દેશને જંપીને બેસવા દીધેલ નથી, તે કોણ નથી જાણતું? પાકિસ્તાની નેતાઓ માટે હિંદુસ્તાન એ હિંદુઓનો દેશ છે; એની સાથે તો કાફરો સાથે કરવા જેવું વર્તન જ કરાય- એવી વણલખી કૂટનીતિનો નિરંતર અમલ થતો રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે 'આબરૂ' જાળવવાના ઘખારામાં ભારત સતત માર ખાતું રહ્યું છે અને મૂર્ખ બનતું રહ્યું છે. કોઈ તટસ્થ વિશ્લેષક ભારત-પાકિસ્તાનના સંબંધો વિશે સાચી સમીક્ષા કરશે તો એમાં પાકિસ્તાનની ચતુરાઈ અને આડોડાઈ સામે ભારતની કાયરતા અને અનિર્ણાયકતા જ છાપરે ચડીને બોલશે. પાકિસ્તાન દેવાળિયો મુલક હોવા છતાં એ આજપર્યંત અમેરિકા જેવી મહાસત્તાને રમાડતું રહ્યું છે. અમેરિકાને એની પોતાની સમસ્યાઓ છે. વ્યૂહાત્મક રીતે ક્યારેક રશિયા સામે તો ક્યારેક ચીન સામે યુદ્ધભૂમિ તરીકે પાકિસ્તાનની જરૂર પડવાની છે એમ માનીને એ પાકિસ્તાનની નાદાન હરકતો સહન કરતું રહ્યું છે અને અનિચ્છાએ પણ એની તમામ એણછાજતી માગણીઓ સંતોષતું રહ્યું છે. બીજી તરફ પાકિસ્તાને ચીન સાથે અતૂટ મૈત્રીકરાર કરી દીધા છે. અમેરિકા સાથે નિકાહ પઢનારું પાકિસ્તાન ચીન સાથે છાનગપતિયાં કરે છે, છતાં અમેરિકા એને ઠપકો સુધ્ધાં આપી શકતું નથી કારણ કે દુનિયાની જમાદારી કરવા માટે એનો આ વંઠેલ બૈરાને નભાવ્યા વગર છૂટકો નથી. ભારત આ ત્રણેય દેશો સાથેની વિદેશીનીતિમાં 'ગરીબ કી જોરુ'ની જેમ વર્તી રહ્યું છે. અમેરિકા સાથે સંબંધ બગાડવાનું એને પોસાય એમ નથી કારણ કે ભારતના ભૂતકાળના પ્રેમી રશિયાને અમેરિકાએ ઠમઠોરીને ઠેકાણે લાવી દીધું છે. ચીનની તાકાત એટલી હદે વધી ગઈ છે કે ભારત સપનામાં પણ એની સામે યુદ્ધમાં ઊતરવાનું વિચારી શકે એમ નથી. છેલ્લા કેટલાક વખતથી ચીન જે રીતની સતામણી કરી રહ્યું છે એનો લશ્કરી જવાબ આપવાનું આપણું ગજું જ નથી. આ કઠોર વાસ્તવથી સુપેરે વાકેફ હોવા છતાં ભાજપ જેવા વિપક્ષો ચીનને 'જડબાતોડ' જવાબ આપવાનાં બણગાં ઝીંક્યે રાખે છે. જડબાતોડ જવાબ આપી શકાય એમ હોય તો તે પાકિસ્તાનને મુલ્લાં કી દૌડ મસ્જિદ તક જ રહે તેમાં સલામતી છે. સવાલ હિન્દુસ્તાનની અસ્મિતાનો છે. વાજપેયીને કારગીલ કેટલું મોંઘું પડી ગયું હતું તે લશ્કર પણ જાણે છે અને દેશ પણ સમજી શકે છે, છતાં પાકિસ્તાનને એકવાર પાઠ ભણાવવો જરૂરી છે. ભારત- પાકિસ્તાનને એની હેસિયત બતાવી શકે અને પછી ચીન ચડી આવે તો અમેરિકાની મધ્યસ્થી સમાધાન કરી શકે. પરંતુ વર્તમાન વડાપ્રધાન કે સંરક્ષમમંત્રી પાસે એવી દૃઢ ઈચ્છાશક્તિનો સદંતર અભાવ છે. એવું સાહસ તો ફક્ત ઈંદિરા ગાંધી જ કરી શકે! આજે દુનિયાભરમાં ભારતની નાલેશી થઈ રહી છે અને સૈન્યના તૂટી રહેલા નૈતિક બળને ટકાવી રાખવાની તાતી જરૂર છે ત્યારે રાષ્ટ્રપતિપદે આરૂઢ થયેલા દૃઢ મનોબળ ધરાવતા પ્રણવ મુખર્જીએ એમના વિશેષાધિકારનો ઉપયોગ કરી પાકિસ્તાનની નાદાન હરકતનો જવાબ આપવા ભારતના લશ્કરને આદેશ આપવાની જરૂર છે. ત્રણે પાંખના સરસેનાપતિ તરીકે આ એમનો અધિકાર પણ છે.

જે.સી.આઈ. દ્વારા કૈલાસધામ ખાતે 'ફ્રેન્ડશીપ ડે'ની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૭

જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા કૈલાસ ધામ ખાતે રહેતા વડીલો સાથે 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણી કરી હતી. જેમાં સર્વ વડિલોને ધાર્મિક પુસ્તક અર્પણ કરી ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી જેસીઆઈના સભ્યોએ સમાજને અનોખુ ઉદાહરણ પુરું પાડ્યું હતું.

જેસીઆઈ ઈન્ડિયા ઈવીપી સદાનંદ નવાડા અને ઝેડ.પી. જુગલકિશોરજીની પ્રોત્સાહક હાજરીમાં બે પેઢીઓ વચ્ચે સંવાદ સેતુ બંધાયો હતો. શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રની આજ અસમતુલાનું તાદંશ ઉદાહરણ એટલે વૃદ્ધાશ્રમ. માતા-પિતા દ્વારા જ સંતાનોને સંસ્કાર આપવામાં ઉણપ રહી જાય છે પરિણામે સંતાનો માતા પિતાની સંભાળ પણ કોઈ ચીજ વસ્તુની માફક કરે છે. જયારે એક વૃદ્ધની હૈયાવરાળે સૌના ચહેરા પર ગંભીરતા લાવી દીધી હતી. તેમણે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે કોઈ પણ માતા પિતાએ પોતાની ગાડી, બંગલો, ઘરેણા, બેંક બેલેન્સ સહિત અન્ય કોઈ પણ મિલત દીકરાના નામે ન કરવી જોઈએ. વેભવી ઠાઠને ખુશી અને સફળતાનું માપદંડ ગણતી આજની પેઢી સાચી મિલકત એવા માતા પિતાને વૃદ્ધાશ્રમ ભેગા કરી દે છે. જયારે અહીં રહેતા એક બેને પોતાની દિકરી ૧૦ લાખની ગાડીમાં મળવા આવે છે પરંતુ માને ગાડીમાં એક આંટો પણ મરાવવાની વાત કરતી નથી. આ વાતથી સૌની આંખ ભીની બની હતી. કૈલાસધામ વૃદ્ધાશ્રમના વડિલોએ જેસીઆઈના યુવાનોને કહ્યું કે તમે લોકો અમને પોતાના સમજીને આવ્યા તો અમને લાગે છે કે અમારા સંતાનો અમને મળવા માટે આવ્યા છે. આજની પેઢીમાં અમારી વાત સાંભળનાર સમજનાર કોઈ છે. અમારા આર્શીવાદ તમારી બધાની સાથે છે. જેસીઆઈની યુવા ટીમે સર્વ કૈલાસધામ ખાતે રહેતા વૃધ્ધોને ધાર્મિક પુસ્તક આપી ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધ્યા હતા.

'સુંદર ધામ' રાંધેજા ખાતે ભજનનો કાર્યક્રમ યોજાશે

શ્રાવણ માસનો પ્રારંભ થતા ભગવાન ભોળાનાથને રિઝવવા ભકતો ધુન, કિર્તન, પૂજા, મંત્ર, સાધના જે રીતે ભકતની મરજી હોય તે રીતે રીઝવવાનો પ્રયાસ કરતા હોય છે. તેના ભાગરૂપે કષ્ટભંજન ગોદડીયા હનુમાન મંદિર, ગાંધીનગર-માણસા હાઈવે-રેલવે ફાટક રાંધેજા 'સુંદર ધામ' ખાતે તારીખ ૮ ઓગષ્ટ ૨૦૧૩ને બપોરે ૨.૩૦ વાગ્યે રાંધેજા ગામનાં ગોપી મહિલા મંડળ દ્વારા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આર.જી. પટેલ શાળામાં માતૃ સંમેલન, વૃક્ષારોપણ અને વસ્તી શિક્ષણ કાર્યક્રમ યોજાયો

આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળામાં તાજેતરમાં માતૃ સંમેલન, વૃક્ષારોપણ અને વસ્તી શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના ધોરણ ૯,૧૦ની લગભગ ૩૫૦ જેટલી વિદ્યાર્થીનીઓ, માતાઓ, મુખ્ય મહેમાન કૌશલ્યાબેન અને મનિષભાઈ હાજર રહ્યા હતા અને બાળાઓને જળ, પ્રકૃતિ દીકરીના ઘડતરમાં માતાનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું. જયારે કૌશલ્યાબેને દીકરીઓમાં સંસ્કાર, શિસ્ત, આરોગ્યની જાળવણીમાં માતાનો ફાળો કેટલા અંશે હોવો જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય જુડો સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ

ગાંધીનગર, તા. ૭

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની જિલ્લાકક્ષાની અન્ડર- ૧૭ જુડો સ્પર્ધામાં ૪ બહેનોએ ભાગ લીધો હતો. તેમણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જે રાજયકક્ષાએ રમવા જશે.

ચૌધરી લલિતા કે., ચૌધરી ગાયત્રી, ચૌધરી નીધી, ચૌધરી મેશ્વા, આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા બહેનો, શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય જુડો સ્પર્ધામાં અન્ડર ૧૯માં મોખરે

ગાંધીનગર, તા. ૭

જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ જુડો સ્પર્ધામાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩ ખેલાડીઓને દ્વિતીય સ્થાન અને એક વિદ્યાર્થીનીને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. પાટીલ આરતી, દ્વિતીય, પંડ્યા લેખા દ્વિતીય, બિહોલા વીરલ તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા.

જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયે કુસ્તીમાં વિજેતા

ગાંધીનગર, તા. ૭

જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ની કુસ્તી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની કન્યાઓએ ભાગ લીધો હતો. પ્રથમ ચૌધરી કેતુ, દ્વિતીય ચૌધરી સુખી, ચૌધરી આરજુ, ચૌધરી રોશની જી., ચૌધરી મનિષા કે. વિજેતા બનેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયમ શિક્ષિકા તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

આદર્શ નિવાસી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૭

જિલ્લા રમતગમત અધિકારી ગાંધીનગર દ્વારા પશ્ચિમ વિભાગ વ્યાયામ મંડળ તાલુકા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. આદર્શ નિવાસી શાળા અ.જા. કન્યા બહેનોએ અંડર-૧૭ ખોખો, કબડી, અંડર-૧૯ ખો-ખોમાં ભાગ લીધોહતો. જેમાંઅંડર-૧૭ કબડી અને ખોખો સ્પર્ધામાં ફાઈનલમાં આવ્યા. આ ક્ષણે ટીમો જિલ્લા કક્ષાએ બીજા ક્રમે ફાઈનલમાં આવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

બાજખેડાવાળ જ્ઞાતિના તેજસ્વી બાળકોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સ્થિત બાજખેડાવાળ જ્ઞાતિજનોના ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં કે.જી., નર્સરીથી લઈ ટી.વાય. સુધીના બાળકોને સન્માનિત કરવામાંઆવ્યા હતા.

આ સન્માન સમારંભમાં સમાજના ૨૫ જેટલા બાળકોને પોતાના શૈક્ષણિક વર્ષ દરમિયાન ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરવા બદલ ઈનામ-પ્રમાણપત્રો અને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જયારે માત્ર બાર વર્ષની ઉંમરે શૈક્ષણિક સહિત રમત ગમત, વકતૃત્વ, ચિત્ર, લેખન, અભિનય વગેરે અનેક ઈતરપ્રવૃત્તિઓમાં ભાગ લઈને ૧૦૦થી વધુ પ્રમાણપત્રો પ્રાપ્ત કરવા બદલ મંડળ તરફથી ધ્યાનમ્ જોષીને સ્મૃતિચિન્હ સહિત પ્રમાણપત્રો આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના ખેલાડીઓનો કબડ્ડીમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર નજીક પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ આજરોજ યોજાયેલ કબડ્ડી સ્પર્ધામાં સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

રાંધેજા વિભાગ કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના ધોરણ-૮ના ખેલાડીઓ અંડર-૧૪માં વિશાલ કે. પટેલ, જય એસ. પટેલ, યશ ડી. પટેલ, કૌશીક પટેલ, હરેશ સોલંકી, મિહિર ઠાકોર, રામ પટેલ, માનવ જાદવ, રાજ ઠક્કર, વૈભવ પટેલ, ફેનિલ મિયાણી, પૂનિત પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જ્યારે ધોરણ-૧૦ના અંડર-૧૬, ૧૭ના ખેલાડીઓ જય પટેલ, સમ્યક પટેલ, મીત પટેલ, હર્ષ પટેલ, પટેલ હર્ષ કનૈયાલાલ, ગોવિંદ સુથાર, ધનંજય પટેલ, પાર્થ પટેલ, કેવલ પટેલ, મહેશ વાઘેલા, કશ્યપ પાવરા સહિત શાળાના તમામ ખેલાડીઓએ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સફળતા મેળવી હતી. ખેલાડીઓને શાળાના ટ્રસ્ટી અને જિલ્લા વ્યાયામ મંડળના મહામંત્રી શૈલેષ પટેલ તેમજ શાળાના આચાર્ય તથા શાળા પરિવારે અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવી હતી.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા આજથી શિબિર

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા બાળકો અને યુવાઓ માટે આર્ટ એક્સલ અને યસ કોર્સની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂજ્ય શ્રીશ્રી રવિશંકરજી પ્રેરિત ખાસ બાળકો ઉંમર ૮ થી ૧૨ વર્ષ ધોરણ-૩ થી ૭ માટે આર્ટ એક્સલ કોર્સ તેમજ યુવાઓ ઉંમર ૧૩ થી ૧૯ વર્ષ ધોરણ-૮ થી ૧૨ માટે યસ કોર્સનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યુંછે. આ શિબિરમાં ચિલ્ડ્રનક્રિયા, સુદર્શનક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ જવાબદારીને સમજવાની જાગૃતિ, રમત-ગમત સહિત ભણતર અને જીવનના સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ થકી બાળકો અને યુવાઓમાં આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. શિબિરનો મુખ્ય હેતુ બાળકો ગુસ્સો, ડર, ઈર્ષ્યા, સરમ, નિરાશા, અણગણો, જીદીપણુ જેવી નકારાત્મક લાગણીઓથી મુક્ત થઈ તણાવ રહિત રહે તે છે. શીબિર તા. ૮-૮-૧૩ થી ૧૧-૮-૧૩ (ગુરૂવારથી રવિવાર) બંને કોર્ષનો સમય સાંજે ૪ થી ૭ દરમ્યાનનો રહેશે. દરિયાલાલ ઝુલેલાલ મંદિર સિંધુધામ, સેક્ટર-૩૦ ખાતે શિબિર યોજાશે. રજીસ્ટ્રેશન માટે સુરેશભાઈ-૯૪૨૬૩૦૦૩૦૩, કુસુમબેન - ૯૮૨૫૯૦૪૪૬૧ અથવા સ્થળ પર સંપર્ક કરવા પ્રશિક્ષક સુરેશભાઈ પરમારે જણાવ્યું છે.

"પત્નીના ફરમાનથી માંડ-માંડ શ્રાવણ મહિનો કરતા પતિદેવોને ખાવા માટે લલચાવનારી ફરાળી ફરસાણની આકર્ષક જાહેરાતો ઉપર શ્રાવણ માસમાં ધર્મગુરૂઓએ જ 'બાન' મૂકાવવો જોઈએ એવું નથી લાગતું?" ઉપવાસી જયેન્દ્રભાઈ થોડા રોષ ને ઝાઝી નિરાશા સાથે બોલ્યા

ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"આ જોયું તમે? આ લોકો ઉપર તો એવી દાઝ ચઢે છે ને કે..."

અમારી ચોકઠા પરિષદના નવા સભ્ય એવા જયેન્દ્રભાઈએ દાંત કચકચાવી, ગુસ્સો કરતાં, અમને પોતાના હાથમાં રહેલું છાપું બતાવ્યું.

છાપામાં કયા સમાચારથી, જયેન્દ્રભાઈ કોના ઉપર દાઝે ભરાયા છે એ અમને તાત્કાલિક સમજાયું નહીં. જો કે અખબારમાં આવતાં મોંઘવારીના, ચિંટીગ ને ચોરીના, રસ્તા ઉપર રખડતી ગાયોના અને વરસાદથી ભૂવા પડેલા રોડના, રાજકારણીઓની બે મોંઢાની વાતો વગેરેનાં સમાચારોથી ઉભરાતું ન્યૂઝ પેપર વાંચીને ભલભલાને તંત્ર ઉપર અને ખોટું કરનારા ચલાવી લેનારા ઉપર ગુસ્સો આવી જ જાય છે. વાતાવરણ છે એટલે છાપું બતાવીને દાંત કચકચાવતા જયેન્દ્રભાઈ કંઈ ખોટા તો નહીં જ હોય એની અમને ચોક્કસ ખાત્રી હતી પરંતુ એમના રોષનું કારણ કઈ 'ન્યૂઝ આઈટેમ' છે ને કયું તંત્ર કે કયા નેતા છે એ સમજાતું ન હતું.

અમને "મૌની બાબા" બનેલા જોઈ, જયેન્દ્રભાઈએ ફરી છાપું અમારી સામે ધરતાં કહ્યું: "આ લોકો ઉપર ને આવી એડવર્ટાઈઝ ઉપર તો ધર્મગુરૂઓએ જ પ્રતિબંધ ફરમાવી દેવો જોઈએ!"

"શેની વાત કરો છો તમે, જયેન્દ્રભાઈ?" હજી વાતની ગેડ ન બેસતાં છેવટે અમે પ્રશ્ન કર્યો.

"અરે યાર, આ જાહેરાતની..." કહેતા એમણે પેપરના પહેલા પાને છપાયેલી કોઈ સ્વીટ એન્ડ નમકીન સ્ટોર્સ વાળાની કલરફૂલ જાહેરખબર ઉપર ગુસ્સાથી આંગળી મૂકતાં કહ્યું...

"અરે, આ તો ફરાળી નમકીન, ફરાળી ફરસાણની જાહેરાત છે..." અમે આશ્ચર્યથી બોલ્યા.

"એની તો મોકાણ છે!"

"એટલે!"

"પનુભાઈ, શ્રાવણ આવ્યો ને!"

"એ તો કારતક શરૂ થયો ત્યારથી બધાંને ખબર હતી કે જેઠ-અષાઢ પત્યા પછી કે શ્રાવણ માસ આવવાનો જ છે..." અમે કહ્યું, "હા, પણ એ શ્રાવણ આવ્યો ને મારે માટે મોકાણ લાવ્યો છે!" જયેન્દ્રભાઈ હવે ગુસ્સાના બદલે ઢીલાઢબ થઈ, રડસમ અવાજે બોલ્યા.

"નહીં, નહીં..." અમારાથી બોલાઈ ગયું: "આવું અશુભ ન બોલો. જયેન્દ્રભાઈ, શ્રાવણ તો પવિત્ર માસ કહેવાય. ભક્તિનો મહિનો... તહેવારોનો માસ છે."

"એ બધું બરાબર..." જયેન્દ્રભાઈ ઉદાસ ચહેરે બોલ્યા: "પણ મારી વાઈફે પંદર દિવસ પહેલાંથી મને અલ્ટીમેટમ આપી દીધેલું કે આ વખતે શ્રાવણ મહિનો આપણે બંનેએ કરવાનો છે...!!"

"હા... ઘણા બધા કરતા હોય છે." અમે કહ્યું.

"કરતા હશે... પણ આ તો આખો મહિનો એક ટાઈમ ઉપવાસ કરીને કરવાની વાત છે..." જયેન્દ્રભાઈ માંડ માંડ બોલ્યા... અમને થયું કે હમણાં એ રડી ન પડે તો સારૂં!!

અત્યાર સુધી અમારી વાતો સાંભળી રહેલા કુલકર્ણીજીએ હવે ચર્ચામાં ઝૂકાવ્યું: "જયેન્દ્રભાઈ, તુમી બરાબર સાંગલા... શ્રાવણ માસ મ્હણજે... વન ટાઈમ ઉપવાસ... નો જેવણ... ઓન્લી ફરાળ..."

"યસ... ઉપવાસ કરવાના ને ભજન-ભક્તિ કરવાનાં..." દરજીભાઈએ પણ શ્રાવણ માસનો મહિમા ગાઈ બતાવ્યો...

"તમારી વાત સાચી પણ મેં મારી વાઈફને કહ્યું કે મારાથી ભૂખ્યા નથી રહેવાતું, ખાલી પેટે મને રાત્રે ઊંઘ નથી આવતી... તો એણે કહ્યું કે જાત ઉપર સંયમ કેળવતાં શીખો... ભજન-કીર્તન, સદ્વાંચનમાં ચિત્ત પરોવવાનું, એટલે જમવાનું યાદ નહીં આવે... મેં કહ્યું કે 'ભૂખે ભજન ના હોય ગોપાલા...' પણ એ મારી વાત સમજવા તૈયાર જ નથી..." જયેન્દ્રભાઈ લાચારી ભર્યું બોલ્યા.

"એનું નામ જ વાઈફ..." પંચાલભાઈએ તમાકુ મિશ્રિત મસાલાની પીચકારી મારતાં કહ્યું: "હસબન્ડની દરેક વાતનો વિરોધ કરવામાં જ આ વાઈફ લોકોને કેમ આનંદ આવતો હશે!"

"પંચાલભાઈ... આ જનરલ સ્ટેટમેન્ટ છે કે સ્વાનુભવનું તારણ છે?" પટેલે પહેલાં સળી કરી... અને પછી ઉમેર્યું: "ભાઈ, વાઈફ એટલે વરીઝ ઈન્વાઈટેડ ફોર એવર..."

"મેં મારી વાઈફને રીકવેસ્ટ કરી કે ભલે જમવાનું એક ટાઈમ પર સાંજે ફરાળ જોઈશે... તો એણે કડક જી.આર. બહાર પાડી દીધો છે કે ફરાળ એટલે ફળાહાર... માત્ર ફ્રૂટ એન્ડ દૂધ... બીજું કંઈ તળેલું-તાળેલું, ચટકીલું ફરાળ નહીં બને..."

જયેન્દ્રભાઈ ઉવાચ: "એક તરફ આવી ફરમાનબંધી હોય ને બીજી તરફ આવી ફરાળી આઈટેમોની તસવીરો સાથેની લોભામણી જાહેરાતો આવતી હોય પછી સંયમ ક્યાંથી રહે? અરે, ઉલ્ટાની ભૂખ ભડકે... જીભ સળવળે... મોંમાં વોટરીંગ શરૂ થઈ જાય... ઉપવાસ - ભજન બધું ભૂલાઈ જાય..." ફરી એ છાપામાંથી ફરાળી નમકીન - ફરસાણની જાહેરાત બતાવી ગુસ્સે થઈ ગયા... હવે અમને એમના એવી જાહેરખબર પ્રત્યેના રોષનું કારણ સમજાયું.

"પણ અલ્યા, ભડના દીકરા થઈને વાઈફને કહી દેવાનું કે તો મારાથી શ્રાવણ મહિનો નહીં થાય, હા!" અમારી વાતો ચાલતી હતી ત્યારે ચૂપચાપ આવી પહોંચેલા લાલાકાકાએ બેઠક જમાવતાં જયેન્દ્રભાઈને આદત મુજબ સલાહ આપી દીધી...

અંકલની એડવાઈઝ સાંભળી મૂંઝાયેલા જયેન્દ્રભાઈ કંઈ જવાબ ન દઈ શક્યા... એટલે ન છૂટકે લાલાકાકાને અમારે કહેવું પડ્યું: "કાકા, એમનું ય તમારા જેવું જ છે... તમે કાકીના વટહુકમનો વિરોધ કરી શકો છો? જયેન્દ્રભાઈને પણ બિચારાને તમારી જેમ જ પત્નીમ્ શરણમ્ ગચ્છામિ જેવું છે... એટલે એ ભડના દીકરા બનીને કેવી રીતે કહી શકે, હેં?"

અમારી વાત જ ન સાંભળી હોય એમ રેડઅંકલ આડું જોઈને મૂછો ચાવવા લાગ્યા.

દરજીભાઈએ જયેન્દ્રભાઈને પ્રશ્ન કર્યો: "ભાઈ, હજી તો શ્રાવણ માસનો એક જ દિવસ ગયો છે એમાં તમે ભૂખે મરી ગયા?"

"ઉપવાસના બે દિવસ થયા. ક્રિકેટમાં બોલર બોલીંગ કરતાં પહેલાં સ્ટાર્ટ લે છે ને એમ શ્રાવણ મહિનો કરનારા ખબર નહીં, ઉપવાસની પ્રેક્ટિસ દિવાસાથી શરૂ કરી દે છે... મને ય વાઈફે દિવાસાની સાંજથી એક ટાઈમ શરૂ કરાવી દીધા છે."

"પણ દિવસમાં એકવાર તો ફૂલ જમવાનું થાય છે ને?" પંચાલે મોંમાં તમાકુવાળો મસાલો પધરાવતાં પૂછ્યું: "પછી સાંજે ન જમીએ તો ચાલે!!"

જમાનાનો દસ્તૂર છે. જેને દિવસમાં ચાર વાર ખાવા જોઈતું હોય એ જ બીજાને લહેરથી ઉપવાસનું મહાત્મ્ય સમજાવતો હોય છે. જેનો દવાની એક ગોળી ગળતાં જીવ જતો હોય એ જ 'દવાઓ તો બધી બરાબર નિયમિત લેવી જ જોઈએ... ગમે તેવી કડવી હોય દવા પીવામાં વાંધો નહીં' એવી સલાહ આપતાં અચકાતો નથી.

પંચાલભાઈની વાત સાંભળી જયેન્દ્રભાઈ ઉવાચ: "અરે સવારે ઓફિસે જતાં ભરપેટ લંચ કર્યું હોય પણ બપોર પછી રાત્રે ડિનર નથી મળવાનું અને ઉપવાસ કરવાનો છે એ વિચારે જ પેટમાં ગરબડ થવા લાગે છે..., કામમાં ચિત્ત ચોંટતું નથી, ફાઈલમાં ખાવાની આઈટમ્સ દેખાવા લાગે છે... અરે, રાત્રે ઉંઘમાં પણ મને ખાવાના જ સપનાં આવે છે..."

ઉપવાસ પણ ના ભાંગે, વાઇફ પણ આપણે કરેલા ફ્રૂટને દૂધના ફળાહારથી રાજી રહે ને છતાંય ભૂખનું દુઃખ રાત્રે ના સતાવે એવો જોરદાર ઉપાય લાલાકાકાએ બતાવ્યો ને જયેન્દ્રભાઇ ઝૂમી ઊઠ્યા

"હં... પનુભાઈ, મને લાગે છે કે આ ફિલ્મી ગીતો 'પૂછો ના કૈસે મૈંને રૈન બિતાઈ, એક પલ જૈસે એક જુગ બિતા... જુગ બિતે મોંહે નીંદ ન આઈ...' અને 'સારી રાત તેરી યાદ સતાયે... મોંહે નીંદ ન આયે...' આવા શ્રાવણ માસના ઉપવાસીએ જ રાત્રે ખાવા વિના ટળવળતાં ટળવળતાં લખ્યાં હશે..." લાલાકાકાએ પાછું ચર્ચામાં ઝંપલાવતાં પોતાની આગવી ફિલસૂફી રજૂ કરી. અને પછી ઉમેર્યું: "અલ્યા ભાઈ, આપણા શ્રાવણ માસના ઉપવાસ તે કંઈ ઉપવાસ છે...? રમઝાનના રોઝા ને પર્યુષણના એકાસણાં- અઠ્ઠાઈના ઉપવાસ સામે આપણા ફરાળીયા શ્રાવણીયા ઉપવાસનો કોઈ કલાસ નહીં..."

"એ જે કરી શકતા હોય એમને મુબારક... મને થાય છે કે હું ભૂખના ભયે જ શ્રાવણ માસ પૂરો થતાં પહેલાં ઉકલી જઈશ..." જયેન્દ્રભાઈ સાવ નાસીપાસ થઈ જતાં, રોતલ અવાજે ફરિયાદ કરી.

ત્યાં પંચાલે પાછી પીંચકારી મારતાં મુદ્દો ઉઠાવ્યો: "રેડ અંકલ, આ શ્રાવણ માસમાં ભાવિકજનોની ભક્તિનું જે ઘોડાપુર ઉમટે છે ને બધા શંકર ભગવાનને જળ ચઢાવવા ને બિલીપત્ર અર્પણ કરવા ઉમટી પડે છે. તેથી ભોલેનાથ બિચારા ગૂંગળાઈ નહીં જતા હોય?"

"અરે, મહાદેવના મંદિરોમાં શ્રાવણ માસમાં વહેલી સવારથી મધરાત સુધી 'ઓમ નમઃ શિવાય' ની અખંડ ધૂન જોરશોરથી વાગતી રહે છે ને ગળાં ફાડી ફાડીને ભજનો ગવાતાં રહે છે એનાથી શિવજી ભગવાનના કાનના પડદાય ફાટી જતા હશે!!" દરજીભાઈએ વાતમાં સૂર પૂરાવ્યો.

"એ તો એમ જ હોય... શ્રાવણમાં દેવાધિદેવ શંકર ભગવાને અને નવરાત્રિમાં માતાજીએ ઓવરટાઈમ કરવા પડે છે ને આ બધો ત્રાસ સહન કરવો પડે છે... પણ ભક્તોના ભાવ-પ્રેમ આગળ એ ઝૂકી જાય છે... જો કે દેવ-દેવીઓ સમજતાં હોય છે કે કોણ ખરી ભક્તિ ને શુદ્ધ ભાવથી પૂજન-અર્ચન કરે છે ને કોણ બાકીના અગિયાર મહિનાના પાપ ધોવા આ એક મહિનો ભક્તિનું 'નાટક' કરવા આવે છે!!" લાલાકાકાએ પોતાની રીતે વાતને વળાંક આપ્યો.

ત્યાં અકળાયેલા જયેન્દ્રભાઈ બોલ્યા: "મારે તો શિવજીને રીઝવવા કોઈ ભક્તિભાવ કે ઉપવાસ કરવા નથી પણ માને તો મારે વાઈફ નહીં!!"

"જો મિત્ર" રેડઅંકલે જયેન્દ્રભાઈને હળવેથી કહ્યું: "આમાંથી બચવાનો ઉપાય છે આપણી પાસે..."

"હેં?" જયેન્દ્રભાઈની આંખોમાં એકદમ ચમક આવી ગઈ...

"હા... લાલાકાકાને પણ તમારી જેમ કાકીના ઓર્ડરથી શ્રાવણ માસના ઉપવાસ કરવા પડે છે અને અંકલથી એક ટાઈમ પણ ભૂખ્યા રહેવાતું નથી - તમારી જેમ જ... પણ લાલાકાકા એનો રસ્તો કાઢી લે છે..." અમે જયેન્દ્રભાઈના લાભાર્થે વાતનો ખુલાસો કર્યો...

"તો અંકલ, મનેય એ રસ્તો બતાવો ને... " જયેન્દ્રભાઈએ રેડઅંકલને રીકવેસ્ટ કરી...

"મફતમાં કંઈ ના મળે, ભાઈ... ફી ચૂક